જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૬/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૬૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૪	૧૩	૧૧૫૨૭	૧૭૬૩૩	૧૩	૧૭૬૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૦	૦	૯૦	૩૧૭	૦	૩૧૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૫૭૫૧	૫૩૧	૫૬૨૮૨	૫૬૩૮૦	૫૪૧	૫૬૯૨૧
કુલ		૭૨૦૬૩	૫૪૪	૭૨૬૦૭	૮૦૫૭૩	૫૫૪	૮૧૧૨૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૬	૨,૮૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૬૨	૨૮,૬૨,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં તા.૧૩/૦૬/૨૦૨૧ ના ક.૧૪/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૪/૪૦ વાગે નવા નરોડા સાંઇ ચોક પાસે આવતા સાથેના **અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ** નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " **મેવાડા પાર્ટી પ્લોટ ની સામે શ્રી રામ ટેનામેન્ટ મ.નં-૧ ની ઉપર-નીચે આવેલ રૂમ માં મકાન ના કબ્જેદાર મોનુભાઇ ગંદર્ભસિંગ ભદોરીયા નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને જુગાર રમવા સારૂ બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા શ્રી રામ ટેનામેન્ટ ના મકાન નં-૦૧ ની અંદર ઉપર નીચે આવેલ રોમો માં રેઇડ કરી જુગાર રમતા પાંચ-પાંચ મળી કુલ્લે દસ આરોપીઓને રોકડા નાંણા રૂ.૧૩,૭૬૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૨,૪૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૭,૧૬૦/-તથા ગંજીપાના નંગ-૧૦૪ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૮ કુલ્લે કિ.રૂ.૩૩,૫૦૦/-તથા વાહન નંગ-૩ કુલ્લે કિ.રૂ.૧,૮૦,૦૦૦/-સાથે મળી તમામ ની કુલ્લે કિ.રૂ.૨,૩૦,૬૬૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવી ક.૧૯/૩૦ વાગે જુગાર ધારા કલમ-૪ ,૫ મુજબ પકડી પાડી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૪/૦૬/૨૦૨૧

આરોપીઓના નામ :

(૧)મોનુભાઇ સ/ઓ ગંદર્ભસિંગ જાતે ભદોરીયા ઉ.વ.૪૫ રહે-મ.નં-૯,કલ્યાણનગર સોસાયટી વિભાગ-૦૨ સરદાર ચોક પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર+૦૯=૧૦

મુદ્દામાલ :

અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૧૩,૭૬૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૨,૪૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૭,૧૬૦/-તથા ગંજીપાના નંગ-૧૦૪ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૮ કુલ્લે કિ.રૂ.૩૩,૫૦૦/-તથા વાહન નંગ-૩ કુલ્લે કિ.રૂ.૧,૮૦,૦૦૦/-સાથે મળી તમામ ની કુલ્લે કિ.રૂ.૨,૩૦,૬૬૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩૭ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૧**

આનંદનગરઃ નવઘણભાઇ પોપટભાઇ ભરવાડ (ઉ.વ.૬૨) (રહે.ભરવાડવાસ, બાવળા તા.બાવળા જી.અમદાવાદ) એ તા.૧૪/૦૬/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આનંદનગર, પ્રહલાદનગર કોર્પોરેટ રોડ, પારસ મેડીકલ સ્ટોર સામે કારમા આવેલ એક સાધુ જેવો નિ:વસ્ત્ર પુરૂષ અને બીજા બે પુરૂષોએ ભેગા મળી નવઘણભાઇને વાતોમાં ભોળવી વિશ્વાસમાં લઇ નવઘણભાઈએ પહેરેલ સોનાની વિંટી કિમત રૂપિયા ૩૫,૦૦૦/- અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૨,૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મતાના દાગીના કઢાવી પરત આપવાનુ કહી કાર ચલાવી નાસી જઇ નવઘણભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૧**

વાડજઃ હરેશકુમાર વાડીલાલ પટેલ (રહે.પરબડીવાસ નવાવાડજ ગામ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૨૧ રાતના ૧૨/૦૦ થી તા.૧૪/૦૬/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૩,૦૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૦૬૬/૨૦૨૧**

નરોડાઃ નરોડા જી.આઇ.ડી.સી.ફેઝ-૧ પ્રેમ ઇન્ડસ્ટ્રીઝ પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં આવેલ છાપરામાં રહેતા અર્જુન રાબીયા મેડા (ઉ.વ.૨૫)(મુળ વતન ગામ-મહુડી ડુંગરી તા-ઢેકલબડી જી-જાબુઆ મધ્યપ્રદેશ) તા.૧૪/૦૬/૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પ્રેમ કંપનીની અન્ડર ગ્રાઉન્ડ ટાકીમાં પડી જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૬૭/૨૦૨૧**

સરદારનગરઃ રવીભાઇ શ્યામલાલ છતવાણી (ઉ.વ.૪૧) (રહે.ક્રિષ્ના એવન્યુ, પરભારામ સોસાયટી પાસે કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ક્રિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ સંજયભાઇ કાનજીભાઇ વાણીયા (ઉ.વ.૨૦) (રહે.સુખસાગરનગર મહાલક્ષ્મીનગર, અમરાઇવાડી) એ બીમારીથી કંટાળી તા.૧૫/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ મુસ્કાન સિંકદરઅલી સૈયદ (ઉ.વ.૧૪)(રહે.જુની રસુલ કડિયાની ચાલી પિરાણા રોડ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે તેમને શિફા હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

નારોલઃ વિશાલ વિષ્ણુ નિંગાવાલે (ઉ.વ.૨૦)(રહે. કળશ-૩, ભમ્મરીયા કુવા રોડ, સ્મશાન સામે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૧ રાતના ૮/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી